**પ્રાતઃ સ્મરણીય મુમુક્ષુજીવોના પરમ તારણહાર, પંચમકાળમાં અધ્યાત્મ અમૃતની વર્ષા કરનાર નિષ્કારણ કરુણાશીલ સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સમાધિદિન પર તેઓશ્રીના ચરણોમાં કોટી કોટી વંદન!**



જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્વતવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!

જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!

**(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૪૯૩)**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૮૦, વર્ષ–૨૪, એપ્રિલ–૨૦૨૧

## અષાઢ વદ ૭, રવિવાર, તા.૧૦-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૮૩ પ્રવચન-૩૧

૮૩. '**રત્નત્રય ધર્મ જ ઉત્તમ તીર્થ છે.**' લ્યો, આ ઉત્તમ તીર્થ! 'સમેદશીખર' ને 'શેત્રુંજય' ને 'ગિરનાર' એ તો શુભભાવ હો, અશુભથી બચવા એ શુભભાવ આવે છે ત્યારે એ તીર્થ કહેવામાં આવે છે. નિમિત્ત. ઉત્તમ તીર્થ તો પોતાનો ભગવાનઆત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (છે).

**रयणत्तय-संजुत्त जिउ, उत्तिमु तित्थु पवित्तु।**
**मोक्खहँ कारण जोइया, अण्णु ण तंतु ण मंतु।।८३।।**

ઓહોહો..! 'યોગીન્દ્રદેવ' છઠ્ઠી શતાબ્દીમાં થયા છે, મેં કાલે જોયું હતું. તેરસો વર્ષ પહેલા થઈ ગયા. 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત મુનિ વનવાસી નિર્ગ્રંથપદમાં રહેનારા, મહા દિગંબર, એક વસ્ત્રનો તાણો નહિ, પાત્રનો કટકો નહિ. એક પાણીનું કમંડળ અને એક મોરપીંછી. કોઈ પુસ્તક જ્ઞાનનું ઉપકરણ હો તો હો, ન હો તો ન હો. બસ! એવા મુનિ લગભગ તેરસો વર્ષ પહેલા (થઈ ગયા) એ કહે છે, જુઓ! સમજાણું કાંઈ? સિંહ જેમ જંગલમાં ત્રાડ મારતો આવે, ત્રાડ મારતો આવે તો હરણિયા બધા ફડ.. ફડ.. ફડ ભાગે.

એમ ત્રાડ મારતા કહે છે કે, ઉત્તમ તીર્થ પ્રભુ આત્મા છે. બહારના તીર્થ એ બધા વ્યવહાર અને પુણ્યબંધનું કારણ છે. અહીં તો (અજ્ઞાની કહે), 'એક બાર વંદે જો કોઈ નરક પશુ ન હોઈ' એ આવે છે ને? ભાઈ! એ 'સમેદશીખર' (માટે કહે). તો શું છે 'સમેદશીખર'? એક વાર શું, લાખ-કરોડ વાર ત્યાં જા ને! એ તો શુભભાવ છે, પુણ્યભાવ છે, બંધભાવ છે. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા... સમજાણું કાંઈ?

'**કર્મબંધથી છૂટવાનો ઉપાય અથવા ભવસાગરથી પાર થવાનો ઉપાય રત્નત્રય ધર્મ છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.**' તે જ તીર્થ છે, ઉત્તમ તીર્થ એ છે. પવિત્ર તીર્થ છે, પવિત્ર તીર્થ. '**નિશ્ચય રત્નત્રય સાક્ષાત્ મોક્ષમાર્ગ છે...**' પોતાનું શુદ્ધ સ્વરૂપ, તેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા નિર્વિકલ્પ આનંદ સહિત (થવી) તે નિશ્ચય સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. તે જ '**ઉપાદાન કારણ છે.**' પોતાનું કારણ છે. '**વ્યવહાર રત્નત્રય ઉપાદાનના પ્રકાશ માટે બાહ્ય નિમિત્ત છે.**' વ્યવહાર રત્નત્રય બાહ્ય નિમિત્ત છે. બાહ્ય નિમિત્ત છે. બાહ્ય નિમિત્ત છે એમ કીધું. 'પ્રકાશ માટે' આપણે કાઢી નાખ્યું. પછી ઘણી લાંબી વાત છે. ઉપાદાન પોતાના શુદ્ધ સ્વભાવથી પ્રગટ થાય છે, એમ બતાવવું છે. વ્યવહાર રત્નત્રય તો એક નિમિત્તમાત્ર છે.

'**માટી સ્વયં ઘડારૂપે થઈ જાય છે, કુંભારનો ચાકડો વગેરે નિમિત્ત છે. કાર્યરૂપ સ્વયં ઉપાદાન**

કારણ થઈ જાય છે.' સમજાણું કાંઈ? **'આત્મા પોતાની શુદ્ધિમાં અથવા ઉન્નતિમાં પોતે જ ઉપાદાન કારણ છે,...'** ઉપાદાન બે પ્રકારના છે. અશુદ્ધ ઉપાદાન (અને શુદ્ધ ઉપાદાન). આ શુદ્ધ ઉપાદાનની વાત ચાલે છે. અશુદ્ધ ઉપાદાનનો અર્થ કે, આત્મા પોતાની પર્યાયમાં રાગ-દ્વેષ વિકાર કરે છે તે અશુદ્ધ ઉપાદાન છે. અને વિકાર નથી, આત્મા એકલો શુદ્ધ પરમાનંદ છે એ શુદ્ધ ઉપાદાન છે. શુદ્ધ ઉપાદાનમાં બે પ્રકાર છે. ધ્રુવ ઉપાદાન, એક ક્ષણિક ઉપાદાન. ધ્રુવ ઉપાદાન શુદ્ધ ત્રિકાળ છે અને તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવા તે ક્ષણિક શુદ્ધ ઉપાદાન છે તે સમયનું. સમજાણું કાંઈ?



**'સ્વયં જ્ઞાનચેતનામય છે, પરમ નિરાકુળ છે.'** ભગવાનઆત્મા સ્વયં જ્ઞાનચેતનામય છે. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન એટલે જ્ઞાન સ્વભાવ. જ્ઞાન સ્વભાવ એ આત્મ સ્વભાવ. ચેતનામય, તેનું વેદન એ ચેતનમય વેદન છે. પોતાનું શુદ્ધ ચેતનમય વેદન (છે). પુણ્ય-પાપ રાગાદિનું વેદન એ તો આકુળતાનું વેદન છે. ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપનું વેદન તે જ્ઞાનચેતના છે. **'પરમ નિરાકુળ છે. એ જ પરમાત્મા દેવ છે...' 'એ જ પરમાત્મા દેવ છે એવું દઢ શ્રદ્ધાન તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.'**

**'એની પ્રાપ્તિનો ઉપાય અંતરંગ નિમિત્ત અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વનો ઉપશમ છે...'** બહારનું નિમિત્ત બતાવે છે. **'બાહ્ય ઉપાય દેવ-શાસ્ત્ર-ગુરુનું શ્રદ્ધાન અને જીવાદિ સાત તત્ત્વોનું પાકું શ્રદ્ધાન...'** એ નિમિત્ત છે. **'તથા સ્વપરનો ભેદજ્ઞાનપૂર્વકનો વિચાર છે. મન-વચન-કાયાની સર્વ ક્રિયા નિમિત્ત છે. અંતરંગ અને બહિરંગ નિમિત્ત મળતાં નિશ્ચય સમ્યગ્દર્શન આત્માની જ ભૂમિકામાંથી ઉત્પન્ન થાય છે.'** એ નિશ્ચય આત્માનું સમ્યગ્દર્શન આત્માની ભૂમિકામાં આત્માના આશ્રયે ઉત્પન્ન થાય છે, એ રાગની ભૂમિકામાં ઉત્પન્ન નથી થતું. ભગવાનઆત્મા પોતે પરમેશ્વર પોતાની ભૂમિકામાં નિશ્ચય સમ્યગ્દર્શન અંદરથી પ્રગટ કરે છે. પરની સત્તામાં શું છે? પોતાની સત્તામાં (પોતે) પ્રગટ કરે છે. સમજાણું કાંઈ?

તેમાં **'આત્મા જ ઉપાદાન કારણ છે. આત્માનું આત્મારૂપ યથાર્થ જ્ઞાન નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. આગમ દ્વારા તત્ત્વોનું અને દ્રવ્યોનું મનન તે વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે, નિમિત્ત છે, આત્માના અભ્યાસથી અને ગુરુના ઉપદેશના નિમિત્તથી અંતરંગમાં ઉપાદાન આત્માની જ્ઞાનનો પ્રકાશ થાય છે. અંતરંગ નિમિત્ત જ્ઞાનાવરણી અને દર્શનાવરણી કર્મોનો ક્ષયોપશમ છે.'** નિમિત્તથી વાત (કરી છે), ઠીક!

**'આત્માનું આત્માની અંદર આત્મા દ્વારા જ પરના આલંબન રહિત રમણપણું (લીનતા) તે નિશ્ચય સમ્યક્ચારિત્ર છે.'** લ્યો, આ ચારિત્ર! **'આત્માનું આત્માની અંદર આત્મા દ્વારા...'** નિર્વિકલ્પ દ્વારા. **'પરના આલંબન રહિત...'** વ્યવહારના આલંબન રહિત સ્વરૂપમાં રમણતા કરવી તે નિશ્ચય સમ્યક્ચારિત્ર છે. એ દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્તમ તીર્થ છે. તેમાં સ્નાન કરવાથી

મેલનો નાશ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? **'આત્માનુભવ જ તીર્થ છે,...'** એ આત્માનુભવ તીર્થ (છે). આહાહા..!

મુમુક્ષુ : અનુભવને તે તીર્થ!

ઉત્તર : ઈ આત્માનુભવ થયો ને! અનુભવ એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. ઈ તીર્થ છે, એમ કહે છે.

મુમુક્ષુ : જીવ તીર્થ છે ને!

ઉત્તર : ઈ જીવ તીર્થ પછી, અત્યારે તો મૂળ તીર્થ આ છે, એ તીર્થ તો અનાદિ છે, એ તીર્થ તો અનાદિ છે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે ત્યારે એ અનાદિ તીર્થની શ્રદ્ધા થઈ. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ઉત્તમ તીર્થ છે. એવા તીર્થનો પિંડ પ્રભુદ્રવ્ય એ તો ત્રિકાળ તીર્થ છે, પણ તેના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા તે ઉત્તમ તીર્થ છે. તેમાં સ્નાન કરવાથી મળનો નાશ થાય છે, એ તીર્થની જાત્રા કરવાથી બંધનો નાશ થાય છે. કહો, સમજાણું કાંઈ? બહારના તીર્થમાં તો શુભભાવનો બંધ થાય છે. ચાહે તો 'સમેદશીખર'ની જાત્રા હો અને ચાહે તો 'ગિરનાર'ની હો, શુભભાવ છે. પુણ્ય બંધાય, પુણ્ય બંધાશે, સંવર, નિર્જરા નહિ (થાય).

મુમુક્ષુ : શાશ્વત તીર્થ છે.

ઉત્તર : ગમે તે હો, આત્મા શાશ્વત તીર્થ છે.

**'જહાજ છે, તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે આત્મિક ધર્મોથી રચિત છે.'** લ્યો! એ ત્રણ ધર્મથી રચિત તીર્થ છે. **'આ જહાજ ઉપર જે આત્મા પોતે જ ચઢીને તે જહાજને પોતાના જ આત્મારૂપી સમુદ્રમાં ચલાવે છે તે પોતે જ મોક્ષદ્વીપ ઉપર પહોંચી જાય છે. તે દ્વીપ પણ પોતે જ છે. પોતાનો પૂર્ણ ભાવ કાર્ય છે, અપૂર્ણ ભાવ કારણ છે. આ રીતે જે કોઈ નિશ્ચિંત થઈને આત્માનો સતત અનુભવ કરે છે તે જ પરમાનંદનો સ્વાદ પામતો થકો અને કર્મોનો સંવર અને તેમની નિર્જરા કરતો થકો ઉન્નતિ કરતો જાય છે, એ જ કર્તવ્ય છે.'**

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૧૪ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૧૨-૪-૧૯૮૩, પ્રવચન નં. ૮૯**

**(વિષય : માર્ગદર્શન)**

**અભિપ્રાય એ તો જીવનું જીવન થઈ જાય છે, ઘર થઈ જાય છે. અભિપ્રાય બદલવો એ એને જીવન બદલવા જેવું લાગે છે. ૨૧૪.**

'પરમાગમસાર'. પાનું-૬૦, ૨૧૪ નંબરનો બોલ છે. બોલનો વિષય છે—અભિપ્રાય સંબંધિત જીવ કોઈને કોઈ અભિપ્રાય રાખીને બેઠો છે અને જે અભિપ્રાય એનો છે એ અભિપ્રાયને આધારિત બાકીનું એનું પરિણમન છે. જોકે અભિપ્રાયમાં અનેકવિધ વિષયક અભિપ્રાય છે તોપણ અહીંયાં મૂળ વિષય લેવો જોઈએ કે મૂળમાં પોતાના વિષય અને પરના વિષયનો અભિપ્રાય શું છે. જે કાંઈ ગડબડ છે, એ પોતાના સ્વરૂપને અન્યથા પ્રકારે અભિપ્રાયમાં રાખવાથી છે. જેમકે હું મનુષ્ય છું અને માનવ તરીકેની મારી ફરજો મારે અદા કરવી જોઈએ.

અભિપ્રાયમાં એમ હોવું જોઈએ કે હું એક આત્મા છું અને આત્માના જે ઉચિત પરિણામ છે, આત્માને જે ઉચિત વ્યવહાર છે એ પ્રકારે મારું જીવન અને પરિણમન હોવું જોઈએ. મનુષ્યોચિત વ્યવહાર હોવો જોઈએ અને માનવધર્મ સમજવો જોઈએ એમ કહેતા સર્વસાધારણને બહુ અનુકૂળ પડે છે કે આ વાત સારી છે. પણ ખરેખર પરમાર્થના પ્રકરણમાં એ વાત પ્રતિકૂળ છે, અનુકૂળ તો નથી પણ પ્રતિકૂળ છે. ભલે એમાં સત્કાર્યો કરવાનો વિષય ચાલતો હોય તો મૂળમાં અભિપ્રાય ઊંધો ઘૂંટવો પડે છે કે હું માણસ છું... હું માણસ છું... હું માણસ છું. હું આત્મા છું એના બદલે હું માણસ છું એ ચાલે છે. કહે છે કે એ એનું જીવન છે. અભિપ્રાય એ એનું જીવન છે એટલે અભિપ્રાય અનુસાર પરિણમન થતું હોવાથી. એમ. પરિણામના નિયમને આ સિદ્ધાંત, પરિણામનો આ સિદ્ધાંત અનુસાર પરિણામ નિયમિત થયેલા છે, બંધાયેલા છે.

અભિપ્રાય અનુસાર પરિણામ થવા એ સહજ છે. વ્યક્તિવિશેષમાં એ સમજી શકાય એવું છે કે કોઈપણ વ્યક્તિ સંબંધિત જે અભિપ્રાય બાંધ્યો હોય તે અનુસાર તે વ્યક્તિના દરેક કાર્યને પછી આંકવામાં, લેખવામાં આવે છે. પછી એ અભિપ્રાય ખોટો હોય તો એનું બધું જોયું ખોટું છે, બધું અવલોકન ખોટું છે. અભિપ્રાય સાચો હોય તો એનું બધું જોવું અથવા અવલોકન કરવું તે સાચું છે. આમ સત્ય અસત્ય પડે છે. એટલે અભિપ્રાય મૂળમાં ઠીક કરવો જોઈએ એમ કહે છે.

'ટોડરમલજી'એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં દૃષ્ટાંત લીધો છે કે ચોર ચોરી કરે છે ત્યારે એમ તો જરૂર વિચારે છે કે આ ચોરી કરવી ન જોઈએ. અને ચોરી કરીશ અને પકડાઈશ તો રાજા થવા રાજ્ય તરફથી મને દંડ મળશે. પણ જ્યાં સુધી એ ચોરી કરવાનો અભિપ્રાય ન બદલે ત્યાં સુધી કદાચ એ ભયથી, રાજ્યના ભયથી ચોરી કરતો બંધ થાય તોપણ એ ક્યારે ચોરી કરશે એ કહી શકાય નહિ. એને ચોરી કરવી જરૂરી છે, મારે તો ચોરી કરવી જરૂરી છે એવો અભિપ્રાય જે નક્કી કરી નાખ્યો છે, મારી આવશ્યકતા કે કરવી જ જોઈએ, એમાં રાજ્યનો ભય છે એને લઈને ક્ષણિક-થોડો કાળ સુધી એ બંધ રહી શકશે પણ એને તક મળતાં તે પ્રકારનો એ પરિણામ કર્યા વિના રહેશે નહિ.

અભિપ્રાયનો વિષય છે એ પ્રવૃત્તિથી વિરુદ્ધ હોય તોપણ પ્રવૃત્તિને નહિ જોતાં અભિપ્રાયને જોવો જોઈએ. લૌકિક વ્યવહારમાં પણ વિચિક્ષણ માણસો પહેલા એ માપે છે કે ભાઈ એ શું કહે છે? શું બોલે છે? કેમ વર્તે છે? એમ ન જુઓ. એનો અંદરમાં અભિપ્રાય શું પડ્યો છે એ જોઈ લ્યો. પછી વાંધો નથી. અભિપ્રાયને તપાસી લેવો પડે છે. પછી એ અનુકૂળ-પ્રતિકૂળ એનું વલણ છે, એના ઉપરથી એનો આંક સાચો બંધાય છે. નહિતર ગેરરસ્તે દોરવાઈ જવાનું થઈ જાય એ સ્વભાવિક છે એની અંદર.

એટલે સમ્યક્ અભિપ્રાય થાય પોતાના સ્વરૂપ વિષે, પોતાનો સાચો અભિપ્રાય થાય તો એ પ્રકારનું એને જીવન થાય છે. અને એ અભિપ્રાય છે એ ઘર થઈ જાય છે. એટલે એટલું એની અંદર મૂળથી પરિણમન (ફરે છે), એ ઉપર ઉપરનું નહિ, અભિપ્રાયપૂર્વકનું પરિણમન છે એ મૂળથી ફરે છે. અભિપ્રાય વિનાનું પરિણમન છે એ ઉપર ઉપરથી ફરે છે. ઉપર ઉપરથી જે પરિણમન ચાલે છે એનાથી કોઈ જોઈએ એવું ફળ આવતું નથી. એની શક્તિ નથી હોતી. ઉપર ઉપરના કાર્યની કોઈ શક્તિ હોહતી નથી.

**'અભિપ્રાય બદલવો એ એને જીવન બદલવા જેવું લાગે છે.'** એને ઊંધો અભિપ્રાય જે અનાદિનો છે એ બદલવામાં બહુ શક્તિની જરૂર પડે છે. અભિપ્રાય બદલવામાં ઘણું મંથન ચાલે છે. પોતે જે કાંઈ પકડી રાખ્યું છે, વિચારી રાખ્યું છે, માની રાખ્યું છે એ પૂર્વક એનો જે અભિપ્રાય ઘર કરી ગયો છે, એમાં ફેરફાર કરવામાં એથી વિરુદ્ધ જવામાં એને તકલીફ પડે છે. આખું જીવન બદલવું હોય એવી પરિસ્થિતિ ઊભી થાય છે.

અથવા જે જીવને અભિપ્રાય બદલાય છે એને ઘણા મંથનપૂર્વક વાસ્તવિકપણે અભિપ્રાય બદલાય છે. તમે કહ્યું એટલે મેં માન્યું અને ચાલો હવેથી એમ માનશું એ રીતે એ અભિપ્રાય જલ્દી બદલાતો નથી. એમાં આખું જીવન એટલે પરિણમન ત્યાર પછીનું બદલવા જેવું છે અને એ બદલાઈ જાય છે. જો અભિપ્રાય બદલાય તો જીવન બદલાય છે. પણ જેમ જીવન બદલવું એટલું સહેલું નથી (એમ અભિપ્રાય બદલવો એટલું સહેલું નથી). એક સામાન્ય કાર્યપદ્ધતિનો ઢાંચો ફેરવવો હોય તો માણસ ઢાંચામાંથી બહાર નીકળી શકતો નથી. એ તો જોઈએ છીએ કે નહિ? તમે આમ કામ કરો છો, આ જ કામ અમે આ રીતે કરીએ છીએ. આ પદ્ધતિ કરતા આ પદ્ધતિ સારી છે. તો કહે, તમને ફાવે પણ અમને ફાવતી નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાયમાં તો શું છે કે માણસને મધ્યસ્થતા જે આવી છે એમાં પક્કડ નથી હોતી. મધ્યસ્થતામાં એટલું જ એણે લક્ષ રાખ્યું છે કે જે યોગ્ય છે, જે સારું છે, યોગ્ય છે, સાચું છે એટલું જ ગ્રહણ કરવું છે. જે અયોગ્ય હોય, ખોટું હોય એ છોડતા મને જરા પણ વાંધો હોવો જોઈએ નહિ, મને જરા પણ એમાં ખેંચાણ થવું જોઈએ નહિ. વિચારી રાખવું જોઈએ આ બધું. એમ એણે શું કરવું છે અને શું નથી કરવું એનો એણે એક મૂળમાં પણ અભિપ્રાય તૈયાર કરી લેવો જોઈએ. તો પછી જ્યાં કાંઈક ફેરફાર કરવાનો વારો આવે ત્યાં પક્કડ ન આવે, જીદ ન થાય, હઠ ન થાય, પણ સીધી સરળતા થાય કે ઠીક છે આ વાત યોગ્ય છે, એમ કરો. આ વાત યોગ્ય લાગે છે તો બરાબર એમ કરો. નહિતર એને પક્કડ આવે કે નહિ, આમ નહિ ને આમ કરવું જોઈએ. બહુ ફેર પડતો નથી માટે પણ હું કહું એમ કરવું જોઈએ. તમારી વાત થોડી ઠીક હોય પણ હું કહું એમાં જરાક ફેર, ખાસ ફેર પડતો નથી માટે પણ હું કહું છું તેમ કરવું જોઈએ. એમ કાંઈક ને કાંઈક, કાંઈક ને કાંઈક અસરળતાના પરિણામ થયા જ કરે. આવી એક પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- એવા કોઈ પ્રસંગમાં જવું હોય તો પછી તો કેવી રીતે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે પૂર્વ કર્મ અનુસાર જે-તે પ્રકારના ઉદય છે એ ઉપસ્થિત થયા વિના રહેતા નથી. પૂર્વ કર્મ અનુસાર જે-તે પ્રકારના ઉદય છે એ એના હાથની બાજી નથી. બહારમાં શું સંયોગ વિયોગ થવા,

કયા પ્રકારના ઉદયમાન પ્રસંગો થવા એ તો કોઈ જીવના અધિકારની વાત નથી. હવે એને વિવેક એટલો જ કરવાનો છે કે આમાં યોગ્ય શું? અને અયોગ્ય શું? સત્ય શું અને અસત્ય શું? બસ. આ એક જગ્યાએ... એને નિર્દોષ થવું છે ને? આખરમાં તો પોતાને નિર્દોષ થવું છે તો એનું બધું વલણ નિર્દોષતા પ્રત્યે હોવું જોઈએ ને. પછી કાંઈ તકલીફ નથી. પછી સરળતા પણ આવશે, પછી અસરળતા નહિ રહે. એમ છે.

બીજું શું છે કે આત્માને પરિણામમાં જે પ્રયોજન છે શુદ્ધિનું, એ શુદ્ધિની સાથે કેટલો સંબંધ છે, એટલે કે એ પ્રયોજનમાં કેટલું સ્પર્શે છે, બહાર પ્રસંગને પ્રયોજન સાથે કેટલું લાગેવળગે છે એનો આંક એને રહે છે એ ખાસ લક્ષમાં. એટલે એના ઉપર એની કિંમત આંકે છે. અને એના ઉપર એની બાંધછોડ રહે છે. જે એડજેસ્ટમેન્ટ કરવાનું હોય છે એ આ મૂળ કિંમતને પકડીને વાત છે. એટલે પછી ક્યાંય એને તકલીફ પડતી નથી.

અહીંયાં શું છે કે ધર્મનો વિષય છે અને ધાર્મિક રીતે પણ આ જીવે ધાર્મિક વિષયમાં પણ અનેક પ્રકારે પૂર્વે અભિપ્રાય બાંધેલો છે. સાવ કોરી પાટીવાળો કોઈ નથી. જે-તે સંપ્રદાયમાં મનુષ્યપ્રાણીનો જન્મ થાય છે, એનો અર્થ જ એ છે કે તે સંપ્રદાયને અનુમોદન આપવા જેવા પરિણામ એણે પહેલા કર્યા છે. જેમ કે વૈષ્ણવમાં જન્મ થયો. આપણે પોતાનો દાખલો લઈએ તો. એ પ્રકારે જે ધર્મ ચાલી રહ્યો છે એ ઠીક છે, બરાબર છે, યોગ્ય છે, કરવા જેવો છે એવું પરિણામ કર્યા વિના એ કર્મ બંધાય અને એનું ફળ આવે એવું ન બન્યું હોય.

વર્તમાન સ્થિતિ પૂર્વની ભૂલને પ્રસિદ્ધ કરે છે. જાહેર કરે છે. જે ફળ છે વર્તમાન, જે કાંઈ બને છે એ પૂર્વે કયા પ્રકારે ભૂલ કરી હતી, કયા પ્રકારનો દોષ કર્યો હતો એને એ સાબિત કરે છે, એને એ જાહેર પ્રદર્શિત કરે છે કે આવી ભૂલ થઈ હતી એનું આ પરિણામ છે. એમ છે ખરેખર તો. હવે એનો અભિપ્રાય તો ત્યાં છે જ. આવડું મોટું ફળ આવ્યું હોય ત્યારે એનો અભિપ્રાય નથી એમ નથી. જ્યારે આખો ભવ કોઈ એક સંપ્રદાયમાં જન્મવાનો થાય છે ત્યારે એનો અભિપ્રાય તદઅનુસાર નથી એમ તો નથી. હવે એ અભિપ્રાય આખો બદલવો હોય અને સમ્યક્ અભિપ્રાય કરવો હોય ત્યારે આખું જીવન બદલવાનું જે કાર્ય છે એવું મોટું કાર્ય એને કરવાનું આવે છે. એમાં એને ઘણું મંથન ચાલે ત્યારે એ અભિપ્રાય બદલાય, ત્યાં સુધી એનો અભિપ્રાય બદલાય નહિ.

અભિપ્રાય એ વિચાર અને મંથન સાથે સંબંધિત એક નિશ્ચિત થયેલો નિર્ણયનો પ્રકાર છે. અને એ નિર્ણયને અને માન્યતાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જેવો અભિપ્રાય છે એવું એનું માનવું છે, એવો એનો મત છે. એમ છે ખરેખર. એટલે જ્ઞાનને અને શ્રદ્ધાને આમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પડે છે. મુખ્ય પ્રવૃત્તિ જ્ઞાન દ્વારા થાય છે અને ફેરફાર પણ જ્ઞાન દ્વારા થાય છે. એટલે શ્રદ્ધા જેને બદલવી છે, શ્રદ્ધાનો ફેરફાર જેને લાવવો છે એને અભિપ્રાયપૂર્વક શ્રદ્ધા ફરશે એમ કહેવું છે. એનું જીવન જે બદલશે એ અભિપ્રાય બદલાશે તો બદલાશે, નહિતર જીવન બદલાશે નહિ.

એટલે એ રીતે બહુ મુદ્દાનો વિષય છે. અભિપ્રાયનો વિષય એ મુદ્દાનો વિષય છે. એને તપાસવું એ જોઈએ કે અભિપ્રાયમાં ફેર પડ્યો છે કે નહિ? પોતાને અને પરને બરાબર નક્કી કરવા માટે અભિપ્રાયને લક્ષમાં લેવો જોઈએ કે અભિપ્રાયમાં શું રહ્યું છે? તદ્અનુસાર કાર્ય થવાનું છે. બીજી રીતે એનું કોઈ કાર્ય થશે નહિ.

મુમુક્ષુ :- અભિપ્રાય તો અનુકૂળતા પ્રાપ્ત થવી અને પ્રતિકૂળતા ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા પણ એ તો અભિપ્રાયમાં અનુકૂળતા પ્રાપ્ત થાઓ. પછી તે અનુકૂળતા પ્રાપ્ત કરવા માટે ગમે તે કરવું પડે. આ પરિસ્થિતિ આવીને ઊભી રહેશે. અભિપ્રાયમાં એમ પડ્યું છે કે સર્વ પ્રકારે મને અનુકૂળતા રહો. એ સર્વ પ્રકારે અનુકૂળતા રહો એ અનુકૂળતા કરવા માટે એ શું શું નહિ કરે? બધું કરશે. પણ એ ખરેખર અનુકૂળતાઓ છે તે અનુકૂળતાઓ છે કે કેમ?

આ વિચારવા યોગ્ય છે.

ભગવાન એમ કહે છે કે કોઈ પદાર્થ તને અનુકૂળ નથી, કોઈ પદાર્થનો કોઈ પર્યાય તને પ્રતિકૂળ નથી. છતાં કેટલાક પદાર્થો પ્રત્યે ક્યારેક તું અનુકૂળતાનો આરોપ લગાવે છે અને કેટલાક પદાર્થો પ્રત્યે ક્યારેક તું પ્રતિકૂળતાનો આરોપ લગાવે છે. એ તારી કલ્પનામાત્ર છે. અને એ કલ્પના છે કે તે વાસ્તવિક છે એ તું તપાસી લે. તારે તપાસ એટલી કરવાની રહે છે કે એ કલ્પના છે કે એમાં કાંઈ વાસ્તવિકતા છે ? જો તને એમ લાગે તપાસતા કે કહેનારની વાત સાચી છે અને મારો અભિપ્રાય અનાદિથી હતો તે ખોટો-જૂઠો હતો. તો એને જ્યારે જ્યારે એ ઈષ્ટ-અનિષ્ટપણું થાય, પરપદાર્થના સંયોગ-વિયોગના કાળે ઈષ્ટ-અનિષ્ટપણું થાય, હરખ-શોક થાય ત્યારે એનો જો અભિપ્રાય ફર્યો હોય તો જ્ઞાન હાજર થાય કે આ પરિણમન મારા અભિપ્રાયથી વિરુદ્ધ ચાલે છે. એ પરિણમન ચાલવું જોઈએ, એ પ્રકારે ચાલવું જોઈએ નહિ. નહિતર અભિપ્રાય ફર્યા વિના ભલે બધી શાસ્ત્રની ધારણા થઈ ગઈ હોય, પણ અભિપ્રાય જૂનો જે છે એ એમ ને એમ ચાલતો હોય તો ઉદયમાં ઈષ્ટ-અનિષ્ટ, રાગ-દ્વેષ, હરખ-શોકના પરિણામ તન્મયતાથી પૂરેપૂરો ડૂબીને કરે એને ખ્યાલ રહે નહિ અને પછી વિચાર કરે, એ બધો વિચાર કરે એ શાસ્ત્રને અનુસરીને કરે. કે પરપદાર્થ છે એ ભિન્ન છે, એમાં અનુકૂળતા-પ્રતિકૂળતા જેવું કાંઈ નથી. આત્મા જ્ઞાયક છે, એ તો જાણનાર તત્ત્વ છે. અભિપ્રાય ન ફરે ત્યાં સુધી એ પરિણામ કોઈ કાર્યકારી થતું નથી. મૂળમાં અભિપ્રાય બદલી જવો જોઈએ. આ તો સૂત્ર જેવી બધી વાતો છે. ટૂકડો છે નાનો પણ સૂત્ર જેવી વાત છે.

પરિણામ ઉપર જોવે છે ક્યારેક-ક્યારેક. આ પરિણામ આવું થયું, આ પરિણામ આવું થયું, આ પરિણામ આવું થયું. એમ નહિ. એ પરિણામ થવા પાછળ આ જીવનો અભિપ્રાય શું હતો? આ વાત એણે ફરી ફરીને વિચારીને, મંથનમાં લઈને ઊંધા અભિપ્રાયને એણે તોડી નાખવો જોઈએ. ઊંધા અભિપ્રાયને એણે બદલવો જોઈએ અને એ ઘણા મંથનથી બદલવું થાય છે. એને આખું શ્રદ્ધાનું બદલવું આ અભિપ્રાયના બદલવાપૂર્વક થાય છે. એટલે પૂર્વની શ્રદ્ધા પણ એને ત્યાં તોડવાનું કાર્ય થાય છે. અને જ્યારે પૂર્વની શ્રદ્ધા એને તોડવાનું કાર્ય થાય છે ત્યારે એને જે ઊંધું બળ આપ્યું હોય છે એ બળ પણ તૂટે છે. ઊંધી દિશાનું બળ જાય છે એ પણ એને તૂટે છે. એમાં થોડુંક એને એમ લાગે છે કે આ અઘરું છે, આ મહેનત પડે છે, આમાં અંદરમાં પરિશ્રમ પડે છે એવું લાગે. પણ ભલે એ પરિશ્રમ અને મહેનત પડે. એને દર્શનપરિષહ કહ્યો છે. શાસ્ત્રમાં એને દર્શનપરિષહ કહ્યો છે. અંદરમાં શ્રદ્ધા ફેરવવામાં એને આકરું પડે તો એ ભલે લાગે પણ એને પોતાના આત્માને તારવો છે તો એ બરાબર એણે દઢ સંકલ્પથી એ કાર્યમાં આગળ વધવું જોઈએ.

આ જે વિચાર છે ને? પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ સંબંધીનો, એ વિચાર એક આવ્યો હતો કે સામાન્ય રીતે જીવની અનાદિથી વિપરીત અભિપ્રાયપૂર્વક કામ કરતી જે બુદ્ધિ છે, એ બુદ્ધિ ઘણી જિજ્ઞાસામાં અને ઘણી આત્મહિતની લગનીમાં કાંઈક મધ્યસ્થતા ધારણ કરે છે. એ એના અંતરંગ પરિણામનો વિષય થયો. બહારમાં કોઈ સત્પુરુષનો યોગ થાય અને એના પ્રત્યે એને અહોભાવ થાય, કે અરે..! આ કાંઈક કહેશે અને એમાંથી જો મને ગ્રહણ થશે, એ જે કહેવા ધારે છે એ હું ગ્રહણ કરીશ તોપણ મારું હિત થવાનો એક અસાધારણ પ્રસંગ છે. ત્યાં પણ એ પ્રકાર ભજે છે. જે જ્ઞાનનો, બુદ્ધિનો જે વિપર્યાસ છે એ હળવો થવો એનું આ એક મહત્ત્વનું પડખું છે. એટલે પણ સત્પુરુષના સમાગમનો વિશેષ વિશેષ મહિમા મુમુક્ષુને બતાવવામાં આવ્યો છે શાસ્ત્રમાં. આ એક પ્રકાર છે.

અહીંયાં સહેજે એવું બને છે. અહીંયાં એ પ્રકારની લગની આવવી અને એ પ્રકારની અપૂર્વ જિજ્ઞાસા આવવી એના કરતા આ વધારે સહેલો પ્રકાર છે એમ ગણીને પણ ત્યાં મુમુક્ષુને દોરવણી આપવામાં આવે છે કે તું સત્સમાગમ કર... સત્સમાગમ કર. એ પણ એ પ્રકાર છે. કેમકે

અનાદિનો વિપર્યાસ છે, જે જ્ઞાનનો વિપર્યાસ વસ્તુની અન્યથા ધારણા કરે છે, અન્યથા કલ્પના કરી લે છે.

પરિસ્થિતિ થોડી એવી છે. એક માણસને એમ કહ્યું કે ભાઈ એક સાવ દરિદ્ર માણસ હોય એ કરોડપતિ ક્યાંથી થાય જલ્દી? આંગળી ફાટીને થાંભલો થાય કેમ? એમ કહે છે કે નહિ? લૌકિકમાં એવું કહે છે. ભાઈ સાવ તદ્દન, નિરાધાર માણસ છે, કોઈ એને આધાર નથી. એને એટલી દરિદ્રતા છે એ કરોડપતિ કેમ થાય ? તો કહે છે કે એ જો પહેલો પરિશ્રમ કરીને ૧૦-૨૦ હજાર કમાય. પછી એને કાંઈક કરોડ રૂપિયા મેળવવાનું સાહસ કરવું હોય તો કાંઈક એની પાસે ઠીક પડે છે. એને કાંઈક આધાર મળે છે. સાવ ખાલી માણસ કેવી રીતે કરે મોટું સાહસ? આ પ્રેક્ટિકલ સાઈડ છે એની. એ થોડી જે શક્તિ આવી ૧૦-૨૦ હજાર કમાવાની અને પછી એ હરણફાળ ભરે છે.

એમ અહીંયાં અનાદિનો જીવ વિપરીત ચાલે છે. રાગની એકત્વબુદ્ધિ અને શરીરની-દેહની એકત્વબુદ્ધિ એટલી બધી પડી છે અને એનું જ્ઞાન જે-તે જ્ઞેયોમાં જાય છે એમાં વિપરીતતા ધારણ કરે છે, ઈષ્ટ-અનિષ્ટપણું કલ્પે છે. જાણતા જ ઠીક છે કે અઠીક છે, ઠીક છે કે અઠીક છે એમ થઈ આવે છે. ત્યારે એને તત્ત્વના વિષયમાં પ્રવેશ કરતા પણ એ યથાર્થ ધારણા નહિ કરે, અન્યથા કલ્પના નહિ કરે અને જેવો પદાર્થ કહેવા ધારે છે એવો જ કહેનારનો આશય પકડીને બરાબર યથાર્થ સમજણ કરશે, એવી સ્થિતિ ક્યારે એની આવે? કે કાં તો એ કોઈ સત્પુરુષના શરણમાં રહે, કાં તો એ કોઈ અપૂર્વ જિજ્ઞાસાથી આ વિષયને પૂરી લગનીથી સમજવા તૈયાર થાય ત્યારે. ત્યારે એ અનાદિના જ્ઞાનના વિપર્યાસમાં થોડુંક હળવાપણું આવે છે.

જ્ઞાનમાં શક્તિ બહુ છે. જ્ઞાનમાં એટલી બધી શક્તિ છે કે એનું પૃથક્કરણ કરે રોજિંદા વ્યવહારમાં તોપણ એને ખ્યાલ આવે કે ઘણી શક્તિ છે મારામાં. એ થોડુંક જ્યાં, ઊંધા અભિપ્રાયની પક્કડમાંથી થોડુંક હળવું થયું, દબાઈ ગયું છે એકદમ એમાં એનું દબાણ જ્યાં ઘટ્યું, વિપરીતતાનું દબાણ ઓછું થાય છે તોપણ જ્ઞાન નિજ હિત સમજવામાં, નિજ પ્રયોજન સમજવામાં ઠીક ઠીક પ્રકારમાં અથવા પર્યાપ્ત પ્રકારમાં સમર્થ થઈ જાય છે. પર્યાપ્ત પ્રકારે ત્યાં એને સમર્થતા અને યોગ્યતા આવે છે પોતાનું પ્રયોજન પકડવામાં. એટલે એ વિષયને પણ ત્યાં મહત્ત્વ આપવામાં આવ્યું છે. બહુ રહસ્યવાળો વિષય છે.

કહે છે કે એ રીતે અભિપ્રાય બદલવો જોઈએ. અને એ પ્રકારે જીવન બદલવું જોઈએ. ૨૧૪ થયો.

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (એપ્રિલ-૨૦૨૧)નું શુલ્ક શ્રી રણધીર પરિચંદ્ર ઘોષાલ, કોલકાટા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

# અનુભવ સંજીવની

## પૂજ્ય ભાઈશ્રીના અગાધ મંથનમાંથી વહેલી ચિંતન કણિકાઓ

અનંત સંસારના ક્ષય કરવાવાળો, અને અનંત સમાધિ સુખની પ્રાપ્તિ કરાવવાવાળો, શ્રી તીર્થંકરદેવથી પ્રવાહિત સદોપદેશની પ્રાપ્તિ થઈ, સમજણ થઈ, તો તેને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવો ઘટે. જો જીવનમાં ઉતારવાનો પ્રયાસ ન થાય તો તેનું મૂલ્યાંકન થયું નહિ પરંતુ ઉપેક્ષા થઈ, તેથી પરમોત્કૃષ્ટ દેશનાનો અનાદર થયો, ઉપેક્ષા થઈ. મોહને લીધે આવો અપરાધ થવાથી, તે ઉપદેશની ધારણા અલ્પકાળમાં નાશ પામી જશે. તેથી પરમ ગંભીરતા પૂર્વક, ઉપદેશનો જેને યોગ થયો છે, તેણે અપૂર્વભાવે, અપૂર્વ પુરુષાર્થ કરવા યોગ્ય છે ફરી ફરીને આવી તક સાંપડતી નથી. મોહવશ જીવ પ્રયત્ન કરવાનું ભૂલે છે. પરંતુ આ પ્રમાદ (પ્રયત્ન ચાલુ ન થવો) જીવના અવિચારીપણાની પ્રસિદ્ધિ છે. તેથી હે ભવ્ય ! જાગૃત થા !! જાગૃત થા !! (૭૧૫)

***

જે વિષયમાં હિતબુદ્ધિ થાય, તે વિષયમાં જીવને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. અને જે વિષયમાં શ્રદ્ધા ઉક્ત પ્રકારે સહજ ઉત્પન્ન થઈ જાય છે, તે વિષયમાં પરિણામ લીન થઈ જાય છે; પરંતુ જે વિષયમાં હિત / સુખનો નિર્ણય ન હોય, ત્યાંથી રુચિ ખસી જાય છે, અને જ્યાં રુચિ ન હોય, તે વિષયમાં રસ નહિ આવવાથી, લીનતા થઈ શકતી નથી. આમ જ્ઞાન પૂર્વક શ્રદ્ધા અને જ્ઞાનશ્રદ્ધાનપૂર્વક ચારિત્ર ઉત્પન્ન થવાનું વિજ્ઞાન છે. તાત્પર્ય એ છે કે આત્મામાં સુખ છે, તેવો નિર્ણય થવો ઘટે છે, તો જ આત્મરુચિ સહજ થાય, અને પરમાં સુખ છે, તે અનાદિ નિર્ણય વર્તે છે, તે ટળે તો જ પરરુચિ મટે. પ્રયોજનના ષ્ટિકોણથી જોતાં, 'સુખ તે જ આત્મા છે' તેથી સુખનો નિર્ણય ત્યાં સ્વ-આત્માનો નિર્ણય, અને ત્યાં રુચિ અને લીનતા અનુક્રમે થાય છે. તેથી સર્વ જ્ઞાનીનો આદેશ છે કે 'હે જીવ ! સુખ આત્મામાં છે તે ન ભૂલ. ભ્રાંતિ છોડ.' (૭૮૧)

***

જેને પરમ ઉત્કૃષ્ટ એવો જિનદેવનો કેવળ અંતર્મુખનો માર્ગ શ્રવણ-પ્રાપ્ત પણ થયો નથી, તે હિનપુણ્ય જીવ સંસારના ભયંકર દુઃખોથી મુક્ત ન થઈ શકે, તે સહજ છે, પરંતુ જે જીવને પરમ સત્ય લક્ષ ઉપર આવ્યું છે, તે ક્ષુદ્ર ઉદય પ્રસંગો અને સાધારણ વિકલ્પોમાં સ્વયંના મહાન સ્વરૂપને રોકી રાખે છે, તે પ્રમાદમાં રતિ છે. પ્રમાદમાં રતિ કરવાં યોગ્ય કાંઈ જ નથી. તેથી હે જીવ ! ત્વરાથી સ્વયંના મહાન પદને સંભાળી અંતર્મુખ થા! અંતર્મુખ થા !

ક્ષુદ્ર વિકલ્પોને સિદ્ધ કરવામાં રોકાવું તે આત્માને આવરણ કરનાર છે, અવિવેક છે. સંસાર પ્રત્યેની તીવ્ર ઉદાસીનતાથી, અને સત્સમાગથી પ્રાપ્ત વિશુદ્ધ (નિર્મળ) મતિથી કોઈક જીવને કેવળ અંતર્મુખ થવાનો તે માર્ગ સમજાય છે, જે સર્વ દુઃખક્ષયનો ઉપાય છે. જેને સમજાય છે, તે નિષ્પ્રમાદપણે તેનું અહર્નિશ આરાધન કરે છે. (૧૧૦૫)

***

વર્તમાનમાં સામાન્ય મુમુક્ષુને એટલું ધ્યાન ખેંચાય છે કે આ માર્ગ ખરેખર સત્ય છે, અને તે પ્રાપ્ત કરવાથી

**(વચનામૃતનો શેષ પૃષ્ઠ-૧૬ ઉપર...)**

**પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા**
**મંગલ વાણી–સીડી–૯–A**



પ્રશ્ન :– .. કઈ રીતે છે? એ કૃપા કરીને સમજાવશો.

ઉત્તર :– દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ થાય છે. સમ્યગ્દર્શન પ્રગટ થાય એનાથી જ આત્માની સિદ્ધિ થાય છે. સમ્યગ્દર્શન વગર આ મુક્તિનો માર્ગ જ પ્રગટ થતો નથી. સમ્યગ્દર્શન થાય એટલી જ આત્માની સિદ્ધિ. સમ્યગ્દર્શન વગરનું બહારનું બધું કરે, ત્યાગ કરે, પચ્ચખાણ કરે બધું કરે પણ સાચું ચારિત્ર પણ સમ્યગ્દર્શન વગર નથી. ત્યાગ લઈ લે અને માને કે મેં ચારિત્ર લીધું. ચારિત્ર પણ યથાર્થ હોતું નથી. જ્ઞાન પણ યથાર્થ હોતું નથી. સમ્યગ્દર્શન પ્રગટ થાય એટલે જ બધું સમ્યક્ થાય છે. સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર બધું સમ્યક્ થાય છે. અને એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તો આત્માની સિદ્ધિ થાય છે. પણ તે બધું સમ્યગ્દર્શનથી જ થાય છે.

દર્શનશુદ્ધિથી, દર્શનની શુદ્ધિ થાય, દર્શનની નિર્મળતા પ્રગટ થાય એટલે આત્માની સિદ્ધિ થાય. સમ્યગ્દર્શન વગરનું બધું એકડા વગરના મીંડા 'ગુરુદેવ' કહે છે. એકડો નથી બધા એકડા વગરના માત્ર મીંડા કરે એ બધા શૂન્યરૂપે થાય છે. ગમે તેટલું કરે એને વૈરાગ્ય આવે, ગૃહસ્થાશ્રમથી વૈરાગ્ય આવે, ત્યાગ કરે, ગૃહસ્થાશ્રમ છોડીને વનમાં જાય, બધુંય કરે. એને એમ લાગે કે બહારથી જાણે મેં તો કેટલુંય કર્યું. પણ એ બધું કાંઈ શૂન્ય થાય છે. એક સમ્યગ્દર્શન એકડો આવે તો બધું થાય છે. એક આવે તો એના ઉપર બધા આંક ચડે છે. નહિતર બધું શૂન્ય જેવું થાય. એને વૈરાગ્ય આવે છે અનંતકાળમાં ઘણીવાર. પણ એ વૈરાગ્ય માત્ર આ બધું અસાર છે, આ બધું અનિત્ય છે. પણ નિત્ય વસ્તુ કોણ છે? એ વસ્તુને ઓળખ્યા વગરનો બધો ત્યાગ કરી દે. નિત્ય સ્વરૂપ જ્ઞાયક આત્મા એને નથી ઓળખતો. એટલે બધું શૂન્યની માફક બધું કરે. મુનિ થઈ જાય. બધું કેટલું વાંચી જાય, ભણી જાય, બધું કરે. અગિયાર અંગ સુધી એનું જ્ઞાન એને થઈ જાય. વ્રત-પચ્ચખાણ કેવા કડક કરે, અભિગ્રહો ધારણ કરે, બધું નિર્દોષ આહાર-પાણી લે. બધું કરે પણ જો સમ્યગ્દર્શન નથી તો સમ્યગ્દર્શન વગર ભવનો અભાવ થાતો નથી. પુણ્ય બાંધે, ગ્રૈવેયકમાં જાય. 'મુનિવ્રત ધાર અનંત...' અનંત વાર ગ્રૈવેયક ઉપજાવ્યો. પણ સમ્યગ્દર્શન વગરનો એક ભવ પણ એનો ઘટ્યો નથી. સમ્યગ્દર્શનથી જ આત્માની સિદ્ધિ થાય છે.

પ્રશ્ન :– સમ્યગ્દર્શન એટલે પોતાના સ્વરૂપના દર્શન?

ઉત્તર :– સમ્યગ્દર્શન એટલે સ્વરૂપનું દર્શન, સ્વરૂપ જેવું છે તેવી શ્રદ્ધા, સ્વરૂપનું દર્શન, સ્વરૂપની સ્વાનુભૂતિ, જેવું સ્વરૂપ છે તેવું બરાબર ગ્રહણ કરવું. સ્વરૂપનું દર્શન થાય છે. અનંતકાળથી સ્વરૂપને ઓળખતો નથી. સ્વરૂપનું દર્શન થાય છે, સ્વાનુભૂતિ પ્રગટ થાય છે એને.

પ્રશ્ન :– એના પહેલાનું પગથિયું આપ કહેશો કે તત્ત્વનો નિર્ણય. 'ગુરુદેવના વચનામૃત'માં આવ્યું છે કે વિકલ્પમાં તત્ત્વના વિચારો કર્યા કરે તો કાંઈ સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી. તો હવે ત્યાંથી આગળ વધાતું નથી. વિકલ્પમાં તત્ત્વના વિચારો ચાલ્યા કરે. પણ તત્ત્વના નિર્ણય સુધી પણ પહોંચાતું નથી. આપે ઘણું કહ્યું કે વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા કરવો જોઈએ. પણ એ થતો નથી. વિકલ્પમાં તત્ત્વના વિચારો ચાલ્યા કરે છે. હવે આગળ કાંઈક કૃપા કરીને સમજાવો કે જેથી તત્ત્વના નિર્ણય સુધી પહોંચાય અને કંઈ કામ થઈ શકે.

ઉત્તર :– પહેલા તત્ત્વનો નિર્ણય કરવો પણ નિર્ણય યથાર્થ કરે કે બસ આ જ છે, બીજું છે જ નહિ. આ આત્મા આ છે. આ જ્ઞાયક તે હું છું, આ પરપદાર્થ તે હું નથી, આ વિભાવની પર્યાયો તે મારું સ્વરૂપ નથી. એવી શ્રદ્ધા પહેલા યથાર્થ કરે. એના તત્ત્વના વિચાર કરીને નિર્ણય કરે પછી એને શંકા પડે નહિ. એવો નિઃશંક થઈ જાય કે બસ આ જ્ઞાયક તે જ હું છું. એમાં નિઃશંકતાનું જોર આવે તો એના શ્રદ્ધાના બળે ઈ આગળ જાય અને સ્વાનુભૂતિ થાય. જ્યાં શ્રદ્ધાનું બળ જોરદાર નથી ત્યાં સુધી આગળ જઈ શકતો નથી. શ્રદ્ધાનું બળ એને જોરદાર આવવું જોઈએ.

પ્રશ્ન :– માતાજી! આપની પાસેથી જાણવું છે કે વિકલ્પમાં તત્ત્વના વિચારો તો ઘણા ચાલ્યા કરે છે પણ તત્ત્વ નિર્ણય સુધી પહોંચાતું નથી. તત્ત્વ નિર્ણય તો વિકલ્પાત્મક એને કહીએ કે વિકલ્પો આવે કે પરદ્રવ્યના કોઈ શરીર આદિની ક્રિયાઓ થાય એમાં હું જ્ઞાયક જ છું એમ વિકલ્પપૂર્વક પણ ટકી રહેવું જોઈએ એ ટકાતું નથી. એના કારણભૂત આપ જે ભેદજ્ઞાન કહો છો કે નિરંતર ભેદજ્ઞાન ભાવ્યા કર. પણ એ ચાલતું નથી. બહુમાં બહુ તો જ્યારે સ્વાધ્યાયમાં બેઠા હોય બે-ત્રણ કલાક કે ચાર કલાક તો આ વિચારો ચાલ્યા કરે. ત્યારપછીની જે પરિસ્થિતિ છે એમાં તો પછી એમ જ લાગે છે કે વિકલ્પમાં તત્ત્વ વિચાર સિવાય લાંબુ કાંઈ દેખાતું નથી. અહીંયાં ક્યાં અટકાય છે અને શું કરવું જોઈએ?

ઉત્તર :– પોતાના પુરુષાર્થની મંદતાથી આગળ જઈ શકતો નથી અનાદિનો અભ્યાસ છે એટલે. તત્ત્વના વિચારો કર્યા કરે પણ જ્ઞાયક હું છું એને ગ્રહણ કરીને બરાબર આ જ્ઞાયક તે જ હું છું. એ જ્ઞાયકની શ્રદ્ધાને જે કાર્યમાં મૂકવી જોઈએ, ભેદજ્ઞાનના કાર્યમાં જ્ઞાયકને ગ્રહણ કરીને બધા જે ભાવો આવે તે હું નથી. પણ એ કર્યા વગર છૂટકો નથી. એ થાય કે ન થાય પણ એ કરે જ છૂટકો છે. શ્રદ્ધાના બળથી એને જ્ઞાયક છું એવા ભેદજ્ઞાનનો અભ્યાસ અંતરમાંથી, એને અંતરમાંથી, બોલવારૂપ નહિ પણ એ આગળ–આગળ અંતરમાંથી એ એને કર્યા વગર છૂટકો જ નથી. દ્રવ્યદૃષ્ટિના જોરથી ભેદવિજ્ઞાનના અભ્યાસના જોરથી એ આગળ જઈ શકે છે. તત્ત્વના નિર્ણય પછી પણ એને શ્રદ્ધાનું બળ જોરદાર રાખીને ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા વર આગળ જઈ શકતો નથી.

પ્રશ્ન :– વિકલ્પમાં તત્ત્વના વિચારોમાં સ્વરૂપ અસ્તિત્વ, સ્વ અને પરના બરાબર ભાવમાં બેસી જાય છે. એ જુદું એ જુદું જ છે અને એનો કર્તા–ભોક્તા આત્મા હોઈ શકે નહિ. છતાં એવા પ્રકારના રાગો આવ્યા કરે અને એ રાગથી વખતે ભેદજ્ઞાન કરવું જોઈએ એ ઉપાય છે કે હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા છું અને આ રાગ અને પરદ્રવ્યની ક્રિયા મારાથી ભિન્ન છે. પણ એ કોણ જાણે એ રાગ આવે ત્યારે એમાં એકતા જ થાય કે જાણે રાગ મને થઈ ગયો. આવા રાગ કેમ આવે છે? આવા ભાવો કેમ આવે છે? એમ થાય. પણ જે બળ આવવું જોઈએ કે નહિ, હું તો આ વખતે પણ જ્ઞાયક છું. કાં તો શુષ્કતા જેવું લાગે છે. અને જે ભાવરૂપે આવવું જોઈએ ભીંજાઈને જે રીતે અંતરમાં પરિણમન તરફ જવાય. એવો કાંઈ ઉકેલ આવતો નથી. કાંઈક તો આપ કૃપા કરો કે કંઈક સમજાવો આ શું થાય છે?

ઉત્તર :– પણ એ કર્યા વગર છૂટકો નથી ન થાય તોપણ. અંદર હૃદયને ભીંજવીને અંતરથી એ જાતનું પોતાને અંદરથી વેદન આવવું જોઈએ કે કેમ નથી થતું? કેમ આમાં રોકાય રહીએ છીએ? એનું કારણ પોતાનું કારણ પોતે પકડવાનું છે. અંદરથી હૃદયને ભીંજવીને આત્માની મહિમા લાવીને, એના તત્ત્વના નિર્ણયને દૃઢ કરીને, એનો પુરુષાર્થ કરીને પોતે જ આગળ જવાનું છે. જે એકત્વબુદ્ધિ થઈ રહી છે એને તોડે જ છૂટકો છે. એ તો બેય સામસામું છે. અહીં એકત્વબુદ્ધિને જુદું પડવું છે. જ્ઞાયક નિરાળો છે. નિરાળાને નિરાળારૂપે એને પરિણમનમાં લાવવો છે તો એ કર્યા વગર છૂટકો નથી. કોઈ રીતે એ એક જ ઉપાય છે.

દ્રવ્ય ઉપર દૃષ્ટિના જોરથી ભેદજ્ઞાનનો અભ્યાસ એના વગર એનો બીજો કોઈ બહારનો કોઈ ઉપાય નથી. તેમ

અંતરમાં પોતે પોતાના હૃદયને ભીંજવીને આગળ જવું, પુરુષાર્થ કરવો એ એક જ ઉપાય છે. વારંવાર એને તે તરફ જાવું એ એક જ ઉપાય છે. અને એમાં એ જ છે, બીજો કોઈ ઉપાય નથી એવો નિર્ણય પોતાને આવવો જોઈએ. અને નિર્ણયના બળે પોતે એવી જાતનો પુરુષાર્થ કરે તો થાય.

પ્રશ્ન :– માતાજી! નિર્ણય પણ એમ જ છે કે આ સિવાય બીજો કોઈ ઉપાય નથી, આ સિવાય કોઈ બીજો મોક્ષમાર્ગ નથી એ પણ પાક્કો નિર્ણય છે. અને એટલા વિકલ્પો છે કે સમજ્યા વિનાના વિકલ્પોમાં વિચાર આવે છે એમ પણ નથી. સ્વરૂપ લક્ષમાં આવે છે અને એ પૂર્વક વિચારો (ચાલે છે). પણ વિચારોથી આગળ નિર્ણયમાં જે આપ કહો છો ને, એ નિર્ણયમાં જ અટકી (જવાય છે), નિર્ણય ટકી રહેતો નથી કે કંઈક રાગ એવા આવી જાય છે કે જાણે રાગરૂપે હું થઈ ગયો. એનાથી છૂટું વિકલ્પમાં નથી પડાતું. નિર્વિકલ્પની તો વાત જ ક્યાં છે પણ વિકલ્પમાં જે છૂટું પડાવું જોઈએ કે આ જ્ઞાયક જ હું છું, આ વિકલ્પ અને પરદ્રવ્ય મારાથી ભિન્ન છે. એટલું જોર આવતું નથી, એટલું બળ આવતું નથી. એ જે આપ કહો પણ ત્યાં આગળ અટકાય છે.

ઉત્તર :– પુરુષાર્થ કર્યા વગર અને લગની લગાડ્યા વગર એ છૂટતું નથી. અનાદિનો અભ્યાસ છે એટલે એમ તો એને ગમે ત્યાં એને પુરુષાર્થની મંદતાને કારણે ક્યાંક રોકાયા તો કરતો જ હોય છે. પણ એને વારંવાર અભ્યાસ કરે એક એનો ઉપાય છે. વારંવાર વારંવાર એનો અભ્યાસ કર્યા કરે તો થાય.

પ્રશ્ન :– આપ કહો છો એ વાત પણ સાચી છે. રોકાતો હોય છે એ વાત સાચી છે. પણ હવે ...

ઉત્તર :– જ્યાં સુધી નથી થયું ત્યાં સુધી ક્યાંક રોકાતો તો હોય જ છે.

પ્રશ્ન :– જી હા, એ હકીકત છે. પણ જ્યાં રોકાય છે, ખ્યાલ પણ આવે છે કે અહીં રોકાય છે. એ વખતે કઈ રીતે એનાથી જુદું પડવું. જ્ઞાને જ કિંમત આપી છે પણ છતાં એ જ્ઞાન ત્યાંથી છૂટતું નથી. એવું પણ અનુભવમાં આવ્યા કરે છે, ખ્યાલમાં આવ્યા કરે છે.

ઉત્તર :– જ્ઞાનથી નિર્ણય કર્યો પણ અંદરથી પાછું હૃદય એટલું ભીંજાયેલું હોય, પોતાને અંદરથી ખટક લાગે તો છૂટો પડે. ખટક લાગવી જોઈએ અંતરમાંથી. એની મહિમા આવવી જોઈએ, એની ખટક લાગવી જોઈએ. એમાં એને આ સ્વરૂપ તે દુઃખ છે એવું એને અંદર વેદનમાં લાગવું જોઈએ. અંદર ખટક લાગે તો છૂટો પડે. નિર્ણય કરીને પણ અંદર પોતાને એવી ખટક લાગવી જોઈએ તો છૂટો પડે. એમ માત્ર એકલો એમ વિચાર કર્યા કરે તો (ન થાય), અંદરથી લાગવું જોઈ તો છૂટો પડે.

પ્રશ્ન :– માતાજી! જે રીતે લાગી શકે એ રીતે તો લાગે છે. આપ જે રીતે કહો છો એ રીતે નથી લાગતું, કેમકે છૂટો નથી પડતો એટલે. પણ નથી લાગતું દુઃખ એમ પણ નથી. જે કાંઈ થાય છે એમાં ખેદ પણ થયા કરે, દુઃખ પણ લાગ્યા કરે. પણ છતાં હકીકત તો આ જ છે.

ઉત્તર :– એમાં પોતાના પુરુષાર્થની મંદતા છે, બીજું કોઈ કારણ નથી. એમાં કહે છે ને, પારિણામિક દ્રવ્ય અકારણ અને એમાં પોતાના પરિણમનની ખામી, પોતાના પુરુષાર્થની ખામી છે. પોતાના મંદતાની ખામી રહે, બીજી કાંઈ ખામી નથી.

પ્રશ્ન :– મંદતામાંથી તીવ્રતા..

ઉત્તર :– એ પોતે જ કરે. બીજો કોઈ કરી શકે નહિ, પોતે જ કરે. પોતાની લગની જ પોતાના માર્ગથી આગળ જવામાં કારણ બને છે. પોતાની લાગેલી લગનીથી જ આગળ જાય છે. પોતે જ ત્યાં રોકાઈ નથી શકતો. પોતાની

લગની જ આગળ લાવે છે.

પ્રશ્ન :- જ્યાં સુધી પોતાને સંતોષ ન થાય ત્યાં સુધી એમ જ કર્યા કરે?

ઉત્તર :- સંતોષ ન થાય ત્યાં સુધી તો એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ, પોતાની શ્રદ્ધા જોરદાર, ભેદવિજ્ઞાન એ જ કરવાનું છે, માર્ગ તો એક જ છે. એને દ્રવ્ય-ગુણ-પર્યાય ચારે બાજુથી સમજે. ચારેય બાજુથી શાસ્ત્રના પડખાં વિચાર્યા કરે અને તત્ત્વના વિચાર્યા કરે. પોતે વિચારથી, શાસ્ત્ર કહે છે એમ પોતે સ્વયં અંતરમાંથી વિચારીને નક્કી કરે. પણ એને કાર્યમાં લાવવા માટે તો પોતાએ શ્રદ્ધાનું બળ લાવવું જોઈએ (કે) હું આ જ્ઞાયક છું અને આ હું નથી. એવું જોર લાવીને એકવાર વિચાર કર્યો કે આ હું જ્ઞાયક છું અને આ નથી. પણ એને કાર્યમાં લાવવું જોઈએ અંતરની પરિણતિમાં. ઉપાય તો એક જ છે, બીજો કોઈ ઉપાય નથી.

પ્રશ્ન :- જ્યાં સુધી કાર્ય ન થાય ત્યાં સુધી પ્રયોગ કર્યા જ કરે?

ઉત્તર :- એમ જ કર્યા કરવું. જે સિદ્ધ થયા તે ભેદવિજ્ઞાનથી થયા. નથી થયા તે ભેદવિજ્ઞાનના અભાવથી નથી થયા. ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું? કે જ્યાં સુધી આ આત્મા પોતે છૂટો પડીને સ્વરૂપમાં સ્થિર ન થઈ જાય ત્યાં સુધી. એના બે અર્થ કર્યા છે કે જ્યાં સુધી સમ્યગ્દર્શન થાય અને પોતે સ્વરૂપમાં ઠરી ન જાય ત્યાં સુધી. અને બીજું એમ કે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી અભ્યાસ કરવો. એમ. એક જ ઉપાય શરૂઆતથી અભ્યાસ સહજ અભ્યાસ હોતો નથી. પહેલા ભેદવિજ્ઞાન સહજ છે નહિ. સહજ નથી અભ્યાસ તોપણ અભ્યાસ કરે સમ્યગ્દર્શન પામ્યા પહેલા. અને પછી પણ એક કેવળજ્ઞાન સુધી દ્રવ્યદૃષ્ટિનું બળ અને ભેદવિજ્ઞાનનું બળ એ બધું સાથે ઠેઠ સુધી રહે છે, કેવળજ્ઞાન થાય ત્યાં સુધી. એ એક જ ઉપાય. એની સાથે બધું હોય. અધૂરી દશા છે. પંચ મહાવ્રત, અણુવ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, એવા શુભભાવો બધા સમ્યગ્દર્શનના અંગ આવે, એ બધું સાથે હોય. પણ ઉપાય અંતરમાં એક સહજપણે સમ્યગ્દર્શનની સહજ ધારા ચાલતી હોય છે. ત્યાર પહેલા એને અભ્યાસ હોય છે. સમ્યગ્દૃષ્ટિને તો સહજ જ્ઞાતાધારા ચાલે છે. એને પુરુષાર્થ છે પણ સહજ પુરુષાર્થ છે. એને આમ આટલી મુશ્કેલીવાળું નથી. એણે તો સહજ માર્ગ જાણી લીધો છે. પેલા જિજ્ઞાસુને અભ્યાસ તો એક જ કે જે માર્ગ છે તે માર્ગનો અભ્યાસ પહેલા કરવાનો છે. અભ્યાસ ન થાય તો વારંવાર કરવો. માર્ગ તો એક જ છે. ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું? કે એકધારાએ તૂટ ન પડે એવી રીતે ભાવવું. ક્યાં સુધી? કે આત્મા આત્મામાં ઠરી ન જાય ત્યાં સુધી. એમ આવે છે. 'સમયસાર'માં આવે છે. એકધારાવાહી ભાવ એમાં હોય છે.

પ્રશ્ન :- માતાજી! 'નિયમસાર'માં પ્રતિક્રમણ અધિકારમાં પહેલા પાંચ ગાથા છે ને .. પછી કીધું આ ભેદજ્ઞાનના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત્ર બને, તેથી કહીશ હું ચારિત્ર... સમ્યગ્દર્શન થયા પછી પણ ભેદજ્ઞાનની...?

ઉત્તર :- હા. સમ્યગ્દર્શન થયા પછી પણ ભેદવિજ્ઞાન છે. ભેદવિજ્ઞાનથી માધ્યસ્થ થઈ ચારિત્ર... ચારિત્ર પણ એમાં, સમ્યગ્દર્શન પણ એમાં. કેવળજ્ઞાન સુધી એમાં. બધું એમાં જ છે. સમ્યગ્દર્શનના બળથી ભેદવિજ્ઞાન થયું પછી ચારિત્રના બળમાં પણ ભેદજ્ઞાન. બધે ભેદજ્ઞાન. એક જ માર્ગ પહેલેથી છેલ્લે સુધી. માર્ગ બીજો નથી. સીધો અને સરળ છે. પણ અનાદિના અભ્યાસને લઈને ઊંધો થઈ ગયો છે. એક જ માર્ગ. આડોઅવળો માર્ગ નથી, ક્યાંય ગોતવા જવાનો નથી. કે બહારમાં તો આટલું કરી લે કે આટલા કાંઈ બહારના કોઈ કાર્યો કરી લે એવું કાંઈ નથી. અંતરમાં કરવાનું છે. એક જ માર્ગ પહેલેથી છેલ્લે સુધી. 'માધ્યસ્થ થઈ.. આ ભેદવિજ્ઞાનના' એ ગાથા છે આખી.

પ્રશ્ન :- ત્યાં પ્રત્યાખ્યાન અધિકારમાં છે કે કર્મ અને જીવના ભેદઅભ્યાસથી જ પ્રત્યાખ્યાન હોય છે.

ઉત્તર :– હા. એ ભેદ અભ્યાસથી જ પ્રત્યાખ્યાન. પ્રત્યાખ્યાન એમાં આવે, સંવર એમાં આવે, બધું એમાં આવે. જ્ઞાન-દર્શન-ચારિત્ર બધામાં એ આવે. પહેલા અનાદિની એકત્વબુદ્ધિ છે એટલે એને સહજ થાતું નથી એટલે એને દુર્લભ થઈ પડે છે. વિચાર કરે. સહજ થાતું હોય અને વિચાર કરે તો છૂટી જાય છે. કારણ કે સહજ પરિણતિ નથી અને ઉપયોગમાં લાવે એટલે ઉપયોગ તો ફર્યા કરે. એટલે ઉપયોગ છૂટી જાય, વારે વારે ફર્યા કરે. એટલે એને સ્થિરતા થાતી નથી. અને શ્રદ્ધાનું બળ એટલું ટકતું નથી અને પરિણતિ સહજ થઈ નથી. એટલે પ્રથમ ભૂમિકામાં એને વિકટતા થઈ પડે છે.

પ્રશ્ન :– ઉગ્ર પુરુષાર્થ.

ઉત્તર :– પુરુષાર્થની ઉગ્રતા હોય તો થાય. જેને થાય એને અંતર્મુહૂર્તમાં થાય. ન થાય એને અભ્યાસથી થાય છે.

પ્રશ્ન :– માર્ગ તો માતાજી ખરેખર આપે સુગમ કરી આપ્યો છે. ઘણો સુગમ કરી આપ્યો છે. જ્યાં જ્યાં બહારની રીતે તો આપને જેટલું આપવું જોઈએ એટલું તો બધું આપે આપ્યું છે. પણ છતાં વારંવાર પ્રશ્ન એ રીતે થાય છે કે પ્રાપ્ત થાતું નથી એ હિસાબે પાછા પ્રશ્ન (કરીએ છીએ).

ઉત્તર :– અંતરમાંથી પુરુષાર્થ ઉપડે નહિ એટલે પ્રશ્ન ઉઠ્યા કરે.

---

**(અનુભવ સંજીવનીમાંથી ચૂંટેલા વચનામૃતો...)**

જીવનું કલ્યાણ થઈ જાય, પણ બીજી બાજુ મોહના બળવાનપણાને લઈને, મોહને, ટાળતાં હિંમત ચાલે નહિ એટલે સંયોગ ઉપરની સાવધાની છોડતાં ઉપેક્ષા કરતાં ભય લાગે. જેથી ઉદય પ્રવૃત્તિમાં જીવન ચાલ્યું જાય અને તે આવરણકર્તા થઈ પડે. અને મળેલો એવો અપૂર્વ યોગ અફળ જાય છે, તક ચુકી જવાય છે, દેહાદિમાં રહેલી આત્મબુદ્ધિ જ ભવાંતરમાં દેહાદિ બંધન પ્રાપ્તિનું કારણ છે. વર્તમાનમાં જ વ્યામોહ છોડતાં જો જીવ મૂંઝાય છે, તો પરભવે કેટલું મૂંઝાવું પડશે ? તે મૂંઝવણની વેદના કેવી અકથ્ય હશે !! તે ગંભીરપણે વિચારી વીર્ય ફોરવવું ઘટે, ઉલ્લાસિત વીર્યથી આત્મહિતનો પ્રારંભ થવો ઘટે. (૧૧૪૩)

***

'વર્તમાન વર્તતા એક સમયમાં હું પરિપૂર્ણ અખંડ ધ્રુવ ચૈતન્ય છું' તેવા સ્વરૂપાનુભવ વડે જ્ઞાનવેદનનો ઉદયઆવિર્ભાવ છે. જે જ્ઞાનવેદન રાગથી ભેદ કરતું થકું નિઃશંકિત અને નિરાકુળ સુખ સાથે પ્રત્યક્ષ પ્રમાણરૂપ પ્રગટ થઈ રહ્યું છે અને ક્રમશઃ વૃદ્ધિગત થતું થકું પૂર્ણ થઈ જશે. આ આત્માને જગતમાં કોઈથી કાંઈ લાભનુકસાન નથી આ ન્યાય બાહ્ય જતી વૃત્તિ પર તીરની જેમ અસર કરે, તથારૂપ જાગૃતિ રહે, તો પરસન્મુખતા છૂટે. આ આત્માથી શૂન્ય એવું જગત પૂર્ણરુપેણ ઉપેક્ષા યોગ્ય છે. તેના તરફની વૃત્તિ સ્વાનુભૂતિમાં વિઘ્ન કરનારી છે, સ્વરૂપ શાંતિનો કાળ છે તેમ જાણી હે ! જીવ સ્વરૂપસ્થ થા !! (૧૧૫૨)

***




## પત્રાંક-૨૫૪

મુંબઈ, અષાઢ સુદ ૮, ભોમ, ૧૯૪૭

**નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે;**
**અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે.**

પ્રકૃતિના વિસ્તારથી જીવનાં કર્મ અનંત પ્રકારની વિચિત્રતાથી પ્રવર્તે છે; અને તેથી દોષના પ્રકાર પણ અનંત ભાસે છે; પણ સર્વથી મોટો દોષ એ છે કે જેથી 'તીવ્ર મુમુક્ષુતા' ઉત્પન્ન ન જ હોય, અથવા 'મુમુક્ષુતા' જ ઉત્પન્ન ન હોય.

ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય છે, અને તેથી તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે, એમ માને છે; પણ એનું નામ 'મુમુક્ષુતા' નથી.

'મુમુક્ષુતા' તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુઝાઈ એક 'મોક્ષને' વિષે જ યત્ન કરવો અને 'તીવ્ર મુમુક્ષુતા' એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું.

'તીવ્ર મુમુક્ષુતા' વિષે અત્ર જણાવવું નથી પણ 'મુમુક્ષુતા' વિષે જણાવવું છે, કે તે ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે, અને તેને લીધે સ્વચ્છંદનો નાશ હોય છે.

સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે, ત્યાં તેટલી બોધબીજ યોગ્ય ભૂમિકા થાય છે.

સ્વચ્છંદ જ્યાં પ્રાયે દ્બાયો છે, ત્યાં પછી 'માર્ગપ્રાપ્તિ' ને રોકનારાં ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે, એમ અમે જાણીએ છીએ.

આ લોકની અલ્પ પણ સુખેચ્છા, [1]પરમ દૈન્યતાની ઓછાઈ અને પદાર્થનો અનિર્ણય.

એ બધાં કારણો ટાળવાનું બીજ હવે પછી કહેશું. તે પહેલાં તે જ કારણોને અધિકતાથી કહીએ છીએ.

'આ લોકની અલ્પ પણ સુખેચ્છા', એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયા પહેલાં હોય છે. તે હોવાનાં કારણો નિઃશંકપણે તે 'સત્' છે એવું દ્ઢ થયું નથી, અથવા તે 'પરમાનંદરૂપ' જ છે એમ પણ નિશ્ચય નથી. અથવા તો મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે, તેને લીધે બાહ્યશાતાનાં કારણો પણ કેટલીક વાર પ્રિય લાગે છે (!) અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે; જેથી જીવની જોગ્યતા રોકાઈ જાય છે.

[2]સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે; જેથી સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ

---

૧. પાઠાન્તર : પરમ વિનયની ઓછાઈ

૨. પાઠાન્તર : તથારૂપ ઓળખાણ થયે સદ્ગુરુમાં પરમેશ્વરબુદ્ધિ રાખી તેમની આજ્ઞાએ પ્રવર્તવું તે 'પરમ વિનય' કહ્યો છે. તેથી પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ પરમ વિનય જ્યાં સુધી આવે નહીં ત્યાં સુધી જીવને જોગ્યતા આવતી નથી.

'પરમ દૈન્યત્વ' જ્યાં સુધી આવરિત રહ્યું છે ત્યાં સુધી જીવની જોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે.

કદાપિ એ બન્ને થયાં હોય, તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ-નિર્ણય ન થયો હોય તો ચિત્ત વ્યાકુળ રહે છે, અને મિથ્યા સમતા આવે છે; કલ્પિત પદાર્થ વિષે 'સત્'ની માન્યતા હોય છે; જેથી કાળે કરી અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી, અને એ જ પરમ જોગ્યતાની હાનિ છે.

આ ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયાં છે. માત્ર બીજા કારણની કંઈક ન્યૂનતા કોઈ કોઈ વિષે જોઈ છે, અને જો તેઓમાં સર્વ પ્રકારે ([1]પરમદૈન્યતાની ખામીની) ન્યૂનતા થવાનું પ્રયત્ન હોય તો જોગ્ય થાય એમ જાણીએ છીએ. પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે; અને એ ત્રણેનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ એ છે.

અધિક શું કહીએ? અનંત કાળે એ જ માર્ગ છે.

પહેલું અને ત્રીજું કારણ જવાને માટે બીજા કારણની હાનિ કરવી.[2] અને મહાત્માના જોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું. ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે. મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.

મહાત્મામાં જેનો દૃઢ નિશ્ચય થાય છે, તેને મોહાસક્તિ મટી પદાર્થનો નિર્ણય હોય છે. તેથી વ્યાકુળતા મટે છે. તેથી નિઃશંકતા આવે છે. જેથી જીવ સર્વ પ્રકારના દુઃખથી નિર્ભય હોય છે અને તેથી જ નિઃસંગતા ઉત્પન્ન હોય છે, અને એમ યોગ્ય છે.

માત્ર તમ મુમુક્ષુઓને અર્થે ટૂંકામાં ટૂંકું આ લખ્યું છે; તેનો પરસ્પર વિચાર કરી વિસ્તાર કરવો અને તે સમજવું એમ અમે કહીએ છીએ.

અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે.

તમે વારંવાર વિચારજો. યોગ્યતા હશે તો અમારા સમાગમમાં આ વાતનો વિસ્તારથી વિચાર બતાવીશું.

હાલ અમારો સમાગમ થાય તેમ તો નથી; પણ વખતે શ્રાવણ વદમાં કરીએ તો થાય; પણ તે કયે સ્થળે તે હજુ સુધી વિચાર્યું નથી. કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુવિચાર વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે. તમને બધાને યથાયોગ્ય પહોંચે.

***

૧. પાઠાન્તર : પરમ વિનયની

૨. પાઠાન્તર : અને પરમ વિનયમાં વર્તવું યોગ્ય છે.



## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’માંથી માર્ગદર્શન વિષય સંબંધિત વચનામૃતો

પ્રશ્ન :- પરિણામમાંથી એકત્વ છોડી દેવું, તે જ આપને કહેવું છે ને?

ઉત્તર :- બસ તે જ કહેવું છે. પરિણામમાંથી એકત્વ છોડી દો. પરંતુ તે એકત્વ કેમ છૂટે? નિત્યસ્વભાવમાં એકત્વ કરે ત્યારે. નિશ્ચય નિત્યસ્વભાવમાં દૃષ્ટિ જમાવીને પરિણામમાત્રથી એકત્વ ઉઠાવી લેવું. (૨૫૬)

***

પ્રશ્ન :- વૃત્તિ ઉઠતી જ રહે છે, તે કેવી રીતે રોકાય ?

ઉત્તર :- એક સમયની વૃત્તિને તેમાં રહેવા દો. ‘હું’ તો ત્રિકાળી, એક સમયની વૃત્તિમાં જતો જ નથી. ત્રિકાળીમાં અહંપણું થતાં જ વૃત્તિ પણ ખેંચાઈ આવશે. (ખેંચાતી ચાલી આવશે). (૨૫૭)

***

પર્યાય (ત્રિકાળી) દ્રવ્યથી સર્વથા જ ભિન્ન છે. પ્રમાણમાં અભિન્નતા પણ કહેવામાં આવે છે; પરંતુ પ્રમાણ નિશ્ચયનયને જૂઠો કરીને કહેતું નથી. નિશ્ચયથી તો પર્યાય સર્વથા ભિન્ન છે. પ્રદેશ એક હોવાથી પ્રમાણ તેને અભિન્ન કહે છે; પ્રમાણ અભિન્ન જ કહે છે - તેમ નથી; ભિન્ન-અભિન્ન બન્ને કહે છે. પરંતુ ‘એકાંત ભિન્ન છે’ એવું જોર દીધા વિના, પર્યાયમાંથી દૃષ્ટિ ઉઠશે નહિ. ‘‘અનેકાન્ત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી’’ તે સત્ય છે. (૨૬૫)

***

પ્રશ્ન :- પરિણામ કઈ રીતે સુધરે ?

ઉત્તર :- નિત્ય અપરિણામી ધ્રુવ ધામમાં દૃષ્ટિને બિરાજમાન કરવાથી પરિણામ સુધરવા લાગશે. (૨૬૭)

***

આખરે તો એકાંત (એકલા) જ સદા રહેવાનું છે, તો શરૂથી જ (એકાંતનો) અભ્યાસ બે, ચાર, પાંચ કલાક જોઈએ. (૨૬૮)

***

આ બધી (તત્ત્વની) વાત વિકલ્પાત્મક જાણી લેવાથી શાંતિ માની લેવી નહિ. અભેદ દૃષ્ટિ પ્રગટ કરવી. ૨૭૨.

***

પોતાના સહજસુખની પિપાસા હોવી જોઈએ; જેટલી તીવ્ર પિપાસા તેટલું કામ જલદી થાય છે. (૨૯૨)

***